## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**અમારા જમાનામાં સારું હતું... હવે તમારા માટે અઘરું છે... તમારે કામ, ક્રોધ, લોભ, ઉપરાંત ફેસબૂક, વોટ્સએપ, ટ્વીટર પણ છોડવા પડશે...**

# સાદરા ગામમાં નજીવી બાબતે આધેડનું ગળુ દબાવી હત્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક આવેલા સાદરા ગામમાં ગઈકાલે સાંજે જામફળની વાડીમાંથી કાઢી મુકાયેલા રોજમદાર મજૂરે તેને કાઢી મૂક્યાની નજીવી બાબતે અદાવત રાખી ગામડેથી માણસો બોલાવીને વાડી માલિક આધેડને મોતને ઘાટ ઉતારી દીધો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ઈકો ગાડીમાં આવેલા સાત શખ્સોના ટોળાએ મળીને જામફળની વાડીના માલિકને લાકડી વડે અને લાતો મારીને જમીન પર પાડી દઈ ગળુ દબાવીને મોતને ઘાટ ઉતારી દીધા હતા. તેમને બચાવવા વચ્ચે પડેલા તેમના પરિવારના સભ્યોને પણ મારવા લાગતા તેઓને પણ ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ચિલોડા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને હત્યારાઓ પૈકી ત્રણ શખ્સોની ધરપકડ કરી છે જ્યારે અન્ય ફરાર હત્યારાઓ અંડરગ્રાઉન્ડ થઈ ગયા છે તેમની શોધખોળ માટે ચિલોડા પોલીસે તપાસ આરંભી છે.

સાદરા ગામમાં રહેતા રવિભાઈ ભલાભાઈ દેવીપુજકે ચિલોડા પોલીસ મથકમાં આપેલી ફરિયાદ મુજબ તેમને તથા તેમના માતા-પિતા અને ભાઈ બહેન સહિતના પરિવારજનો ઉપર ગઈકાલે સાંજે તમને જામફળની વાડીમાંથી કાઢી મૂકવામાં આવેલા યુવાને અન્ય સાગરીતો સાથે મળીને જીવલેણ હુમલો કર્યો હતો અને તેમના પિતાની હત્યા કરી નાખી હતી. તેમને આપેલી ફરિયાદ અનુસાર અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના વાત્રક વિસ્તારમાં રહેતો ભરત રમણ દેવીપુજક નામનો યુવાન તેમની જામફળની વાડીમાં રોજમદાર તરીકે મજુરી કામ કરતો હતો.

ત્રણેક દિવસથી આ ભરત લગ્ન પ્રસંગે જતો રહ્યો હતો અને બપોરે પરત આવ્યો ત્યારે નશામાં જામફળની વાડીમાં તોડફોડ કરીને નુકસાન કરી રહ્યો હતો. ફરિયાદી રવિભાઈના આધેડ વયના પિતા ભલાભાઈ દેવીપુજકે ભરતને નુકશાન ન કરવાનું કહેતા તે ગાળાગાળી કરવા લાગ્યો હતો એટલે ભલાભાઈએ ભરતને વાડીમાંથી કાઢી મૂક્યો હતો. આ અદાવત રાખીને ભરતે આખી ગાડી ભરીને તેના ગામડેથી માણસો બોલાવ્યા હતા અને વાડીએ આવીને ગઈકાલે સાંજે ધમાલ કરી મૂકી હતી. ભલાભાઈ દેવીપુજક ઉપર ડંડા અને લાતોથી જીવલેણ હુમલો કરી ભલાભાઈ ને જમીન પર પાડી દીધા હતા અને ભલાભાઈનું ગળુ દબાવીને તેમની હત્યા કરી નાખવામાં આવી હતી તે ઉપરાંત ભલાભાઈના દિકરા સહિત તેમના સંબંધીઓ છોડાવવા વચ્ચે પડે ત્યારે તેમના ઉપર પણ હુમલો કરવામાં આવ્યો હતો. ભલાભાઈ ની હત્યા કરી તેમના પરિવારજનો પર જીવલેણ હુમલો કરી આખી ટોળકી ઈકો ગાડીમાં ફરાર થઈ ગઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને ભલાભાઈના મૃતદેહને સિવિલ હોસ્પિટલ લઈ આવવામાં આવ્યા હતા.



અમદાવાદમાં ખોખરા સ્પોર્ટસ સંકુલ ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ લોન ટેનીસ સ્પર્ધામાં ૪૦ વર્ષથી વધુ વયજૂથની ડબલ્સ ઈવેન્ટમાં ગાંધીનગર શહેરના નયન દવે અને રાજેશ ઠક્કરની જોડી આક્રમક રમત ભૂજની ટીમ સામે રમી ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો.

## આલમપુર ખાતે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત નિગરા સમિતિના સભ્યોની તાલીમ

ચિલોડા, તા.૧૬

ગાંધીનગર તાલુકાના ૩૬ ગામોમાં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત નિગરાની સમિતિની ક્ષમતા નિર્માણ માટે ગ્રામ્ય કક્ષાએ ગામનું આરોગ્ય અને નાગરિકોની તંદુરસ્તી-સ્વાસ્થ્ય સારી રીતે જળવાય તે હેતુસર નિગરાની સમિતિના સભ્યોની તાલીમ તાલુકા વિસ્તરણ અધિકારી ગોવંદભાઈ લેઉવા, તાલુકા બ્લોક કો ઓર્ડિનેટર તેમજ માસ્ટર ટ્રેઈનર એમ.બી. પરમાર દ્વારા તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બાકીના ગામોના સમિતિના સભ્યોની સ્વચ્છતા અંગેની મહત્વની બાબતો નાગરિકોને વિશેષ ધ્યાન દોરી માર્ગદર્શન પુરું પાડવાનું આયોજન હાથ ધરાયું છે. નિગરા સમિતિના સભ્યો ગામમાં ગંદકી થતી અટકાવવા ખાસ પ્રયત્નશીલ બની સ્વચ્છતા અંગે વિશેષ ધ્યાન દોરવા જરુરી સૂચન અને માર્ગદર્શન પુરું પાડશે.



## નગરજનોને આર્યુવેદિક સારવાર વિનામુલ્યે આપતા સેવાભાવી વડીલ

ગાંધીનગર, તા.૧૬

માણસ પોતાનું જીવન પસાર કરતા કરતા અનેક નિષ્કાળજી થી ગંભીર બિમારીઓનો ભોગ બને છે. ઉંમર વધતા અપ્રમાણસર અને અરુચી બોજન તથા કસરતની આળસને લીધે આપણા શરીરમાં અનેક રોગો ઘર કરી જાય છે. ઘણી વખત નોકરી ધંધાના કામની વ્યસ્તતાને લીધે શરીરનો ખ્યાલ રહેતો નથી અને નાગરીકો ગંભીર બિમારીઓ નોંતરે છે.સારુ જીવન જીવવુ ગંભીર રોગોથી મુકત રહેવું આપણા હાથની વાત છે. ઘણા એમ માને છે કે અમે આ બધી બાબતથી અજાણ છીએ. ત્યારે ગભરાવવાની જરુર નથી. આપણા ગાંધીનગરમાં સેકટર-૩ ન્યું ખાતે જાણીતા આર્યુવેદાચાર્ય રમેશચંદ્ર પંડ્યા ઉપલબ્ધ છે, તેઓ એકપણ રૂપીયો લીધા વિના આર્યુવેદિક પધ્ધતિથી સારવાર કરે છે.

## સુપ્રિમ કોર્ટના જસ્ટિસ એમ.આર. શાહ અને ભારતના સોલિસીટર જનરલ તુષાર મહેતાના સન્માનનો ગૌરવશાળી સમારોહ

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, દેશ આજે સંક્રાતિ કાળમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે ન્યાયતંત્રની અહમ ભૂમિકા બની રહેવાની છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, યોગ્ય વ્યક્તિને યોગ્ય તક મળે તો દેશને સારુ નેતૃત્વ પ્રાપ્ત થતું હોય છે. સુપ્રિમ કોર્ટના જસ્ટીસ તરીકે એમ.આર. શાહ અને ભારતના સોલિસીટર જનરલ તરીકે તુષાર મહેતાની એક ગુજરાતી તરીકે નિમણૂંક તરીકે થઈ છે તેનો હર્ષ વ્યક્ત કરી તેમણે ગુજરાતની સાડા છ કરોડ જનતા વતી બન્ને મહાનુભાવોને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત હાઈકોર્ટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે કહ્યું કે, દેશ જ્યારે સંક્રાંતિ કાળમાંથી પસાર થઈ રહ્યા છે ત્યારે આ બન્ને ગુજરાતનીઓની નિમણૂંક મહત્વપૂર્ણ સાબિત થશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, આઝાદી વખતે ગાંધીજી અને સરદાર પટેલે ભ્રષ્ટાચાર સામે નવનિર્માણ આંદોલન દ્વારા તથા



સામાજિક-આધ્યાત્મિક ક્ષેત્રે ગુજરાતે જે રીતે નેતૃત્વ લીધું હતું તે રીતે હવે કાયદા ક્ષેત્રે પણ ગુજરાત દેશને દિશા-દર્શન કરશે.

મુખ્યમંત્રીએ ગુજરાતની અદાલતો દ્વારા પ્રજાને પીડતા પ્રશ્નો - મુશ્કેલીઓમાં ત્વરિત પ્રજાલક્ષી નિર્ણયો લીધા છે. આ ઉપરાંત લોકઅદાલતોનો વ્યાપ વધારી કેસોની પેન્ડેન્સી ઘટાડી છે તેની પ્રશંસા કરી હતી.

સુપ્રિમ કોર્ટના જસ્ટીસ એમ.આર. શાહે પોતાના પ્રતિભાવમાં ગુજરાતના કાર્યકાળ દરમિયાનના અનુભવો વાગોળ્યા હતા. તેમણે કોર્ટના ડેકોરમ અને ડિગ્નીટી જાળવી રાખી લોકોનો ન્યાયમાં વિશ્વાસ જળવાઈ રહે તે માટે યુવા વકિલોને પ્રતિબધ્ધ થવા અપિલ કરી હતી.

ભારતના સોલિસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, ગુજરાત પોતાના દીકરાઓનું સન્માન કરે છે, પોતાના ખભા પર બેસાડીને ઉંચા બનાવે છે. ગુજરાતમાંથી જે શીખવા મળ્યું છે તેની પ્રત્યે તેમણે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ અનંત એસ. દવેએ સુપ્રિમ કોર્ટના જસ્ટીસ એમ.આર. શાહ અને તુષાર મહેતાને ભારતના સોલિસીટર જનરલ બનવા બદલ અભિનંદન પાઠવી નવા બેંચમાર્ક સ્થાપિત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કાયદા મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, સફળ વકીલ એ છે કે જે કોર્ટને કન્ફ્યુઝ્ડ નહીં પરંતુ કન્વિન્સ કરે. તેમણે કાયદા વિભાગનું બજેટ અગાઉ કરતા અનેકગણું વધ્યું છે. રાજ્યની ડિસ્ટ્રીક્ટ કોર્ટના બિલ્ડીંગને પણ હાઈકોર્ટ જેવા બિલ્ડીંગ બનાવી ન્યાયતંત્રનું આધુનિકરણ કર્યું છે તેની વિગતો આપી હતી.

## શિવરંજનીની કર્ણપ્રિય ''મહેફિલે ખાસ''માં ગઝલ-સૂફી સંગીત પર શ્રોતાઓ ફિદા

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે શનિવારે રાત્રે શિવરંજની સંસ્થા દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી હિન્દી-ગુજરાતી ગઝલો અને સૂફી રચનાઓનો વિશેષ કાર્યક્રમ ''મહેફિલે ખાસ'' યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મયુર દવેના સંગીત નિર્દેશન અંતર્ગત ડૉ. મિતાલી નાગ અને તેજસ ધોળકીયાએ અનેકવિધ નવી-જૂની ગઝલો અને સૂફી રચનાઓની કર્ણપ્રિય પ્રસ્તુતિ કરી શ્રોતાઓની ભારે દાદ મેળવી હતી.

મહેફિલે ખાસમાં ગુલામ અલી, મદન મોહન, ગુલઝાર વગેરેથી માંડીને બરકત વિરાણી 'બેફામ' સહિત અનેક સિદ્ધહસ્ત સંગીતકારો-ગઝલકારોની સુપ્રસિદ્ધ ફિલ્મી-બિન ફિલ્મી ગઝલોની પ્રસ્તુત કરાઈ હતી. મોબમદ રફી-લતા મંગેશકર, આશા ભોંસલે, ભૂપેન્દ્રર સિંઘ, જગજીતસિંહ, મનહર ઉધાસ વગેરે સહિતના અનેક ગાયકોએ ગાયેલી ગઝલો તથા સૂફી ગાયકોએ સ્વરબદ્ધ કરેલી સૂફી રચનાઓની રજૂઆતથી શ્રોતાઓ આફરિન પોકારી ગયાં હતા. કાર્યક્રમનું સંચાલન પરિશિ વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરના ગઝલપ્રેમી સંગીત રસિકો ઉપસ્થિત રહ્યાં હતા.



ગાંધીનગરમાં સેવાકીય પ્રવૃત્તિઓના સંસ્કાર બાળકોનો શાળાકિય શિક્ષણ સાથે જ પ્રાપ્ત થાય છે. શહેરની માઉન્ટ કાર્મેલ તથા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓ આ સંસ્કારનું શાળા છોડ્યાં પછી પણ જાણે જતન કરતા હોય તેમ દર રવિવારે શહેરના જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને ભોજન કરાવે છે. આ કાર્યમાં તેમની સાથે શહેરનો જાડેજા પરિવાર પણ જોડાય છે જે શાહપુર નજીક થયેલા અકસ્માતમાં ગુમાવેલા દિકરાના સ્મણણાર્થે ગરીબોને જમાડવાનું પુણ્ય કાર્ય કરે છે.

# સિનિયરોની વિદાય : ૨૦૧૯ના વર્ષમાં રાજ્યના 22 IAS અને 9 IPS ઓફિસરો રિટાયર્ડ થશે

ગુજરાતના સિનિયર ઓફિસરોની વધુ એક કેડર નિવૃત્તિના આરે છે. ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી જોઈને આ અધિકારીઓની ટીમ નિવૃત્ત થશે. આ ટીમ પછી ૨૦૨૧માં સૌથી વધુ ઓફિસરો વય નિવૃત્ત થઈ રહ્યાં છે. રાજ્યના આઈએએસ અધિકારીઓમાં ગુજરાતના ચીફ સેક્રેટરી ડો. જેએન સિંઘ અને કેન્દ્રમાં પ્રતિનિયુક્તિ પર ગયેલા ગિરીશચંન્દ્ર મુર્મુ નિવૃત્ત થાય છે. સિંધની સાથે એસએલ અમરાણી મે મહિનામાં વય નિવૃત્ત થઈ રહ્યાં છે. રાજગોપાલ જાન્યુઆરીમાં, સીએસ ચૌધરી ફેબ્રુઆરીમાં, વીપી પટેલ અને જેટી અખાણી માર્ચમાં, આનંદ મોહન તિવારી, આરએમ જાદવ અને વીએ વાઘેલા જૂનમાં તેમજ આરજી ત્રિવેદી, જેકે ગઢવી અને અમૃત પટેલ જુલાઈમાં નિવૃત્ત થાય છે. એ ઉપરાંત સંજય પ્રસાદ, જીસી બ્રહ્મભટ્ટ, એસકે લાંગા અને એચજે વ્યાસ સપ્ટેમ્બરમાં, લલીત પાડલિયા અને એસબી પટેલ ઓક્ટોબરમાં, ગિરીશચંદ્ર મુર્મુ, સુજીત ગુલાટી અને પ્રેમકુમાર ગેરા નવેમ્બરમાં તેમજ આરએમ માંકડિયા ડિસેમ્બરમાં નિવૃત્ત થશે. આઈએએસની જેમ ૧૧ આઈપીએસ અધિકારીઓ પણ નિવૃત્ત

### ગાંધીનગર ફ્લાવર સિટી તો ન થયું પણ વાયબ્રન્ટ સમયે ફુલોનો બગીચો બનશે

થાય છે જે પૈકી એકે પટનાયક અને એસકે દવે ડિસેમ્બર ૨૦૧૮માં નિવૃત્ત થશે જ્યારે તીર્થરાજ અને જેકે ભટ્ટ જાન્યુઆરીમાં, એસએસ ત્રિવેદી અને એસએમ ખત્રી મે મહિનામાં, વીએમ પારગી અને આરજે પારગી જૂનમાં, મોહન ઝા જુલાઈમાં, સતીશ શર્મા ઓગષ્ટમાં અને આરજે સવાણી ડિસેમ્બરમાં વય નિવૃત્ત થાય છે. ડિસેમ્બર ૨૦૧૯ના અંતે ગુજરાત સરકારની નોકરીમાં આ બન્ને કેડરના કુલ ૩૩ ઓફિસરો સર્વિસમાં નહીં હોય.

**ઉદ્યોગની જેમ કૃષિમાં સ્ટાર્ટઅપ કેમ ન હોય...**

નાના અને મધ્યમકક્ષાના ઉદ્યોગ સંચાલકો તેમજ નવા એન્ટરપ્રિનિયોર માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સ્ટાર્ટઅપ મિશન શરૂ કર્યું છે ત્યારે સવાલ એ થાય છે કે ખેડૂત પ્રધાન દેશમાં ખેડૂતો માટે સ્ટાર્ટઅપ કેમ નથી. સરકારે ખેડૂતો માટે પણ સ્ટાર્ટઅપની સુવિધા ઉભી કરવી જોઈએ. સરકારના એક કૃષિ તજજ્ઞ કહે છે કે ગુજરાતમાં એવા ઉદ્યમશીલ ખેડૂતો છે કે જેમણે ઈનોવેશન કરીને કૃષિ જગતમાં ક્રાન્તિ કરી છે. એવા ખેડૂતો છે કે જેઓ ભણ્યા નથી પરંતુ અનુભવે નવા સંશોધન કર્યા છે તેમના માટે સ્પેશ્યલ સ્ટાર્ટઅપ શરૂ કરવા જોઈએ. આપણે ઉદ્યોગોને બધી સુવિધા આપીએ છીએ તો ખેડૂતો તો આપણા અન્નદાતા છે. ઈનોવેશનમાં કાર્યરત ખેડૂતોને બોલાવીને તેમને સ્ટાર્ટઅપમાં લઈ જવાની જોગવાઈ કરવાની આવશ્યકતા છે. ઉદ્યોગોને આપવામાં આવે છે તેવા સ્ટાર્ટઅપ પેકેજ ખેડૂતોને પણ આપવા જોઈએ. કૃષિ વિભાગના આંકડા પ્રમાણે રાજ્યમાં ૩૫૦૦ જેટલા ખેડૂતો એવાં છે કે જેઓ પ્રતિદિન ખેતીવાડીમાં કોઈને કોઈ સંશોધન કરતા હોય છે. આ ખેડૂતોની યાદી બનાવીને સરકારે તેમને આમંત્રિત કરી તેમના માટેની સ્કીમો જાહેર કરવી જોઈએ. કૃષિને સ્ટાર્ટઅપનો લાભ આપવાનો ફાયદો એ છે કે ઉદ્યોગની જેમ કૃષિમાં સ્ટાર્ટઅપ ફેઈલ થશે નહીં અને ખેડૂતોને નવી દિશા મળશે. ઉદ્યોગોમાં અત્યારે ૮૫ ટકા સ્ટાર્ટઅપ ફેઈલ થઈ જાય છે તેનું કારણ એ છે કે એન્ટરપ્રિનિયોર બજાર અને માર્કેટ સર્વે કર્યા વિના સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ શરૂ કરે છે.

**ગાંધીનગર ફ્લાવર સિટી તો ન થયું પણ...**

ગાંધીનગરમાં વાયબ્રન્ટ ઉત્સાહ શરૂ થયો છે. શહેરને નવી નવેલી દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું છે. માર્ગોનું રિપેરીંગ કામ થઈ રહ્યું છે. ગરીબોના ઝૂંપડાં અને લારી-પાથરણાવાળાને હટાવવામાં આવી રહ્યાં છે. મહાત્મા મંદિરમાં સફાઈ કામ શરૂ કરવામાં આવ્યું છે. ગાંધીનગરને ફ્લાવર સિટીમાં ફેરવવામાં આવ્યું છે. તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે નક્કી કર્યું હતું કે ગાંધીનગરને ફ્લાવર સિટી બનાવવામાં આવશે પરંતુ હાલ તો ટેમ્પરરી ફ્લાવર સિટી બની રહ્યું છે. બહેનનો ફ્લાવર સિટીનો પ્રોજેક્ટ હાલ તો પેન્ડીંગ છે કારણ કે તે દિશામાં નક્કર કામગીરી થઈ શકી નથી. ચલો, સારૂં થયું કે વાયબ્રન્ટ સમિટ આવી રહી છે તેથી ગાંધીનગર રંગબેરંગી ફુલોથી ખૂબસુરત બની રહેશે. અગાઉ જ્યારે મહાત્મા મંદિરમાં પહેલી વાયબ્રન્ટ સમિટ થઈ હતી ત્યારે એટલે કે ૨૦૧૧માં જે સમિટ થઈ હતી ત્યારે ગાંધીનગરના પ્રવેશદ્વાર ચ-૦ સર્કલ પાસે લોટસ પોન્ડ બનાવવામાં આવ્યું હતું. આ પોન્ડમાં લોટસ ઉગાડવામાં આવ્યા હતા પરંતુ ૧૫ દિવસ પછી આ લોટસ ક્યાં ગાયબ થઈ ગયું તે કોઈને સમજાયું ન હતું. અલગ અલગ જગ્યાએથી ભાડે લેવામાં આવેલા ફુલો પણ ૧૫ દિવસમાં ગાંધીનગરથી ગાયબ થઈ જવાના છે.

### ફ્લોટીંગ રેસ્ટોરન્ટ માટે ટુરિઝમની દરખાસ્ત, વાયબ્રન્ટમાં એમઓયુ સાઇન કરાશે

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

**વાયબ્રન્ટમાં ફ્લોટીંગ રેસ્ટોરન્ટ માટે પ્રપોઝલ...**

ગુજરાતના દરિયાકિનારે અને વહેતી નદીઓમાં ફ્લોટીંગ રેસ્ટોરન્ટ માટેની દરખાસ્ત ટુરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા તૈયાર થઈ રહી છે. જો ગુજરાત સરકાર તેને મંજૂરી આપશે તો અમદાવાદના રિવરફ્રન્ટ, સુરતની તાપી, વડોદરાની વિશ્વામિત્રી, રાજકોટની આજીમાં ફ્લોટીંગ રેસ્ટોરન્ટ શરૂ થશે. રાજ્યના દરિયાકિનારે બીચ પર પણ ફ્લોટીંગ રેસ્ટોરન્ટ માટેની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે. ૨૦૦૯ની વાયબ્રન્ટ સમિટ પછી ફરીવાર ૨૦૧૯માં અમદાવાદના ગાંધીઆશ્રમ પાસે ગાંધીયન સ્ટાઈલની રેસ્ટોરન્ટ માટે પરવાનગી આપવાનું સરકાર વિચારી રહી છે. એ સાથે સૌરાષ્ટ્રના દરિયા કિનારે આવેલા પ્રવાસન સ્થળોએ ફ્લોટીંગ રેસ્ટોરન્ટનું પ્લાનિંગ છે. વિશ્વના પ્રવાસન નકશા ઉપર જોઈએ તો ફ્લોટીંગ રેસ્ટોરન્ટ પ્રવાસીઓને આકર્ષવાનો એક નવો કન્સેપ્ટ છે. આ પ્રોજેક્ટને ટુરિઝમ પોલિસીનો લાભ આપવાની પણ સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી છે. મોટા શહેરોમાં આવેલા પબ્લિક લેકમાં પણ આ કન્સેપ્ટમાં કેવી રીતે આગળ વધી શકાય તે અંગે સ્થાનિક સંસ્થાઓને રિપોર્ટ કરવા કહેવામાં આવ્યું છે. ટુરિઝમના એક અધિકારીએ કહ્યું હતું કે ગુજરાતની નદીઓ અને કેનાલોમાં વોટર ટ્રાન્સપોર્ટની સુવિધા વિકસાવવાનું પ્લાનિંગ થઈ રહ્યું છે તેમ ફ્લોટીંગ રેસ્ટોરન્ટ પણ કરી શકાય છે. થીમ બેઝ ફ્લોટીંગ રેસ્ટોરન્ટ કરવા માટે ખાનગી કંપનીઓ અને ડેવલપર્સને આમંત્રણ આપવામાં આવશે.

**જમીન વિના ખેતી કરવી હોય તો શ્રીરામ મળો...**

વિશ્વમાં બદલાતી જતી ટેકનોલોજીનો પ્રયોગ કરવામાં આવે તો કોઈપણ વ્યક્તિ કે જેની પાસે જમીન નથી તે પણ ખેતી કરી શકે છે. આ ઈનોવેશન માટે ચેન્નાઈનો એક યુવાન એક મિસાલ છે. ચેન્નાઈમાં રહેતા શ્રીરામ ગોપાલે માટી વગર ખેતીની એક નવી પદ્ધતિ શોધી છે અને તેમાં તેને એટલી સફળતા મળી કે હવે તેણે આ ખેતીને પોતાનો વ્યવસાય બનાવી દીધો છે. ગોપાલે માટી વગર ખેતી કરવાની એક સ્ટાર્ટઅપ ફ્યૂચર ફાર્મ્સની શરૂઆત કરી છે. તેનું વાર્ષિક ટર્નઓવર ચાર કરોડની સપાટીએ પહોંચી ગયું છે. શ્રીરામના મિત્રએ તેને એક વિડીયો બતાવ્યો હતો જેમાં માટી વિના ખેતી કરવાની હાઈડ્રોપોનિક્સ પદ્ધતિ હતી. શ્રીરામ ગોપાલે તેના પિતાની ફેક્ટરીમાં સૌ પ્રથમ આ પદ્ધતિનો પ્રયોગ કર્યો હતો. તેણે પાંચ લાખ રૂપિયામાં બે મિત્રો સાથે મળીને ખેતી શરૂ કરી હતી. આ પદ્ધતિમાં ૯૦ ટકા પાણીની બચત થાય છે. હાલ શ્રીરામ હાઈડ્રોપોનિક કિટ્સ વેચી રહ્યો છે. અગાસીમાં પણ ખેતી કરી શકાય છે કારણ કે તેમાં માટી આવતી નથી. શ્રીરામની કંપનીનું ટર્નઓવર માર્ચ ૨૦૧૬માં ૩૮ લાખ રૂપિયા હતું તે ચાલુ નાણાકીય વર્ષના પહેલા ક્વાર્ટરમાં બે કરોડ રૂપિયા થયું છે. ટ્રાન્સપરન્સી માર્કેટ રિસર્ચ પ્રમાણે ગ્લોબલ હાઈડ્રોપોનિક્સનું માર્કેટ ૨૦૨૫ સુધીમાં ૭૮,૫૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે.

**કચ્છનો એલ્યુમિના પ્રોજેક્ટ ભૂતકાળ બન્યો...**

કચ્છની ધરતી પર એલ્યુમિનાનો પ્રોજેક્ટ ભાજપની સરકાર

### નાલ્કોના ઇન્કાર પછી કચ્છના એલ્યુમિના પ્રોજેક્ટ ઉપર સચિવાલયનું પૂર્ણવિરામ

માટે ભૂતકાળ બન્યો છે. સરકારે આખરે આ પ્રોજેક્ટની શક્યતા પર પાણી ફેરવી દીધું છે. ત્રણ થી ચાર વખત કંપની ખસી જતાં આ પ્રોજેક્ટ ડ્રોપ થયો છે. છેલ્લે આ પ્રોજેક્ટને નાલ્કો એ ડ્રોપ કર્યા પછી સચિવાલયમાં તેની ચર્ચા થતી નથી. નાલ્કો કંપની આ પ્રોજેક્ટમાં ૧૫૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની હતી. આ પ્રોજેક્ટમાં ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન- જીએમડીસી- ૨૬ ટકાની જેવી પાર્ટનર હતી. જીએમડીસીના સૂત્રો કહે છે કે કંપનીએ જરૂરી ૩૦૦ હેક્ટર જમીન પૈકી ૧૦૦ હેક્ટર જમીન એક્વાયર કરી હતી. નાલ્કોએ એલ્યુમિના રિફાઈનરી અને સ્મેલ્ટર પ્લાન્ટ માટે ૧૫૧ કરોડનું પેમેન્ટ પણ કરી દીધું હતું. ૨૦૧૧માં જીએમડીસીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે એલ્યુમિના પ્રોજેક્ટ માટે નાલ્કોને પાર્ટનર બનાવ્યું હતું. એ સમયે એવો ટારગેટ હતો કે આ પ્લાન્ટમાંથી પ્રતિવર્ષ પાંચ લાખ ટન સ્મેલ્ટર અને ૧૦ લાખ ટન રિફાઈન્ડ એલ્યુમિના ઉત્પાદિત કરાશે. ૨૦૧૩માં નાલ્કોએ જીએમડીસી પાસે પ્રોજેક્ટ માટે ૨.૨ રૂપિયે પ્રતિ યુનિટનો પાવર માગ્યો હતો, ત્યારબાદ રાજ્ય સરકારે આશાપુરા માઈનકેમ કે જે બોક્સાઈટનું કામ કરે છે તેની સાથે એમઓયુ સાઈન કર્યું હતું. એલ્યુમિના રિફાઈનરી અને સ્મેલ્ટર પ્લાન્ટ સ્થાપવા માટે હિન્દાલ્કો, જેએસડબલ્યુ એલ્યુમિનિયમ અને અદાણી ઉપરાંત અમેરિકાની એલ્યુ કેમ ઈન્કોર્પોરેશન, રશિયાની યુસી રૂસાલ, દુબઈની દુબઈ એલ્યુમિનિયમ લિમિટેડ જેવી આંતરરાષ્ટ્રીય કંપનીઓએ રસ દાખવ્યો હતો પરંતુ સરકારે નાલ્કોની પસંદગી કરી હતી. હવે સરકારે ખુદ આ પ્રોજેક્ટને ડ્રોપ કર્યો છે.

**૨૦૫૦ સુધીમાં ભારતનો ક્રમ વિશ્વમાં બીજો હશે...**

પીડબલ્યુસીના જીડીપી અને પીપીપીના રિપોર્ટ પ્રમાણે ૨૦૫૦ સુધીમાં ભારત એ વિશ્વનો બીજા નંબરનો લાર્જેસ્ટ ઈકનોમિક ધરાવતો દેશ બની જશે. વિશ્વના ટોપ ટેન દેશોમાં ભારતનું સ્થાન ચીન પછી બીજાક્રમે આવશે તેવું આ રિપોર્ટનું અનુમાન છે. રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે અમેરિકાને ત્રીજું, ઈન્ડોનેસિયાને ચોથું અને બ્રાઝીલને પાંચમું સ્થાન મળ્યું છે. આ રિપોર્ટમાં મેક્સિકો છઠ્ઠાક્રમે, જાપાન સાતમાક્રમે, રશિયા આઠમે, નાઈઝેરિયા નવમાસ્થાને અને જર્મની દસમા ક્રમે આવી શકે છે. અત્યારે તો ઝડપથી વિકાસ પામતી ઈકોનોમિમાં ભારતનું સ્થાન પાંચમાક્રમે આવે છે.

